सत्यमेव जयते

# પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ

પશુપાલન ખાતું
બ્લોક-બી, બીજો માળ, કૃષિ ભવન,
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ગુજરાત રાજ્ય

# રાજ્ય સરકારની પશુપાલન ખાતાની સહાયકારી યોજનાઓ

| યોજનાનું નામ | (૧) વિધુત સંચાલિત ચાફકટર માટે સહાય | (૨) કેટલશેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય (બે પશુ માટે) | (૩) ૫ કે ૧૦ કેટલશેડ યોજના | (૪) પોલી પ્રોપીલીન સાઈલેજ બેગ | (૫) મીનીકીટસ |
|---|---|---|---|---|---|
| હેતુ | ખેડૂત - પશુપાલકો પોતાના પશુઓને ચાફકટરથી ચાફીંગ કરેલો લીલો - સુકો ચારો આપતાં નીરણનો બચાવ કરી શકે છે. | ગરીબ પશુપાલકો પાસે પોતાના પશુઓ બાંધવા માટે અને તેમને રક્ષણ આપવા માટે કોઢ (કેટલશેડ)ની સગવડતા ઉભી કરવી. | સામાન્ય જાતિનાં પશુપાલકો પાસે પોતાના પશુઓ બાંધવા માટે અને તેમને રક્ષણ આપવા માટે કોઢ (કેટલશેડ)ની સગવડતા ઉભી કરવી. | પશુપાલક અછતનાં સમયમાં પશુઓનો નિભાવ કરી શકે અને ઓછી જમીનમાં લીલોચારો સારી રીતે સંગ્રહ કરી અને વધુ જાનવરો રાખવાની તક પુરી પાડે છે. | પશુઓને સારો તથા ગુણવતા યુક્ત ચારો મળી રહે તે માટે ખેતરમાં ચારા પાકનું વાવેતર કરવા માટે મીનીકીટસ પુરા પાડવામાં આવે છે. |
| લાયકાત | અનુસુચિત જાતિનાં ખેડુતો, અનુસુચિત જન જાતિનાં ખેડુતો, નાના ખેડુતો, સિમાંત ખેડુતો, સામાન્ય ખેડુતો, બક્ષીપંચના ખેડુતો | અનુસુચિત જાતિનાં ખેડુતો પશુપાલકો | અનુસુચિત જાતિનાં ખેડુતો, અનુસુચિત જન જાતિનાં ખેડુતો, નાના ખેડુતો, સિમાંત ખેડુતો, સામાન્ય ખેડુતો, બક્ષીપંચના ખેડુતો | અનુસુચિત જાતિનાં ખેડુતો, અનુસુચિત જન જાતિનાં ખેડુતો, નાના ખેડુતો, સિમાંત ખેડુતો, સામાન્ય ખેડુતો, બક્ષીપંચના ખેડુતો | અનુસુચિત જાતિનાં ખેડુતો, અનુસુચિત જન જાતિનાં ખેડુતો, નાના ખેડુતો, સિમાંત ખેડુતો, સામાન્ય ખેડુતો, બક્ષીપંચના ખેડુતો |
| યોજનાનો લાભ | ખરીદ કિંમતના ૭૫% સહાય અથવા મહત્તમ રૂ. ૧૫,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે | મુળ ખર્ચનાં ૫૦% સહાય અથવા મહત્તમ રૂ. ૧૮,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે | મુળ ખર્ચનાં ૫૦% સહાય અથવા મહત્તમ રૂ. ૬૩,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે (૦૫ પશુઓ માટે) મહત્તમ રૂ. ૧,૨૫,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે (૧૦ પશુઓ માટે) | ૧,૦૦૦ કી. ગ્રા. માટે ૭૫% સહાય અથવા મહત્તમ રૂ. ૭૫૦/-, બે માંથી જે ઓછું હોય તે ૫૦૦ કી. ગ્રા. માટે ૭૫% સહાય અથવા મહત્તમ રૂ.૫૨૫/-, બે માંથી જે ઓછું હોય તે | વિના મુલ્યે |
| યોજનાની અરજી પદ્ધતિ | ikhedut portal પર ઓનલાઈન અરજી | ikhedut portal પર ઓનલાઈન અરજી | ikhedut portal પર ઓનલાઈન અરજી | ikhedut portal પર ઓનલાઈન અરજી | Physically અરજી કરવાની થાય છે. |
| અમલીકરણ સંસ્થા | જિલ્લા પશુપાલન અધિકારી | નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી | નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી | નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી | જિલ્લા પશુપાલન અધિકારી તથા નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી |
| અન્ય શરતો | ૧. ખેડૂત-પશુપાલક ૫ (પાંચ) કે તેથી વધુ પશુઓ ધરાવતો હોવા જોઈએ અને લાઈટ કનેક્શન ધરાવતા હોવા જોઈએ. | ૧. જે ખેડૂત-પશુપાલકો ૨(બે) કે તેથી વધુ પશુઓ રાખતા હોય તેને જ આ યોજનાનો લાભ મળી શકે છે.<br>૨. માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો ધરાવતા હોવા જોઈએ. | ૧. જે ખેડૂત-પશુપાલક ૫ (પાંચ) પશુ કે ૧૦ (દસ) પશુઓ રાખતા હોય તેને જ આ યોજનાનો લાભ મળી શકે છે.<br>૨. માલિકીની જમીન અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો ધરાવતા હોવા જોઈએ. | ૧. ચાફીંગ કરેલો લીલો ચારો ધરાવતાં હોવા જોઈએ. | ૧. ખેડૂત પોતાની જમીન ધરાવતો હોવો જોઈએ.<br>૨. ખેડૂત પશુ ધરાવતો હોવો જોઈએ.<br>૩. જાતિ અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. |

| યોજનાનું નામ | (૬) રાજ્યના અનુસુચિત જન જાતિના ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુઓ (ગાય અને ભેસ) ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | (૭) રાજ્યના અનુસુચિત જાતિના ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુઓ (ગાય અને ભેસ) ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | (૮) અકસ્માતે પશુ મૃત્યુ વળતર (સહાય) ચુકવવાની યોજના | (૯) દૂધ ઉત્પાદન હરિફાઇ યોજના |
|---|---|---|---|---|
| હેતુ | પશુપાલકો સરળતાથી પશુઓ ખરીદ કરી પશુપાલન વ્યવસાય અપનાવી આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે પશુઓની ખરીદી પર બેન્ક લોન સામે વ્યાજની સહાય આપી તેમના સામાજીક અને આર્થિક સ્તરમાં પણ સુધારો લાવવો. | પશુપાલકો સરળતાથી પશુઓ ખરીદ કરી પશુપાલન વ્યવસાય અપનાવી આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે પશુઓની ખરીદી પર બેન્ક લોન સામે વ્યાજની સહાય આપી તેમના સામાજીક અને આર્થિક સ્તરમાં પણ સુધારો લાવવો. | ફુડ પોઇઝનીંગ, સ્નેક બાઇટ, કેમીકલ પોઇઝનીંગ, હડકવા, એન્થ્રેક્સ અને બર્ડ ફ્લ્યુ, જેવા અસાધ્ય રોગથી પશુ આકસ્મિક મૃત્યુ થયેલ હોય તો તેવા સંજોગોમાં ખાસ કરીને ગરીબ પશુપાલકોની રોજીરોટી છીનવાય જાય છે. આવા સંજોગોમાં પશુપાલકોને આર્થિક મદદ કરવાનો હેતુ છે. | નાના સિમાંત ખેડૂતો, ખેત મજૂરો, સામાજીક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો સારા આનુવંશિક ગુણો ધરાવતા દૂધાળા પશુઓ રાખી વધુ દૂધ ઉત્પાદનની પ્રેરણા તથા પ્રોત્સાહન મેળવી વધુને વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક સદ્ધરતા મેળવે |
| લાયકાત | અનુસુચિત જન જાતિના પશુપાલકો | અનુસુચિત જાતિના પશુપાલકો | તમામ પશુપાલકો | તમામ પશુપાલકો |
| યોજનાનો લાભ | ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુઓના (ગાય અને ભેસ) એકમની સ્થાપના માટે બેન્ક લોન ઉપર ૫ (પાંચ) વર્ષ સુધી મહત્તમ વાર્ષિક ૧૨% વ્યાજ સહાય | ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુઓના (ગાય અને ભેસ) એકમની સ્થાપના માટે બેન્ક લોન ઉપર ૫ (પાંચ) વર્ષ સુધી મહત્તમ વાર્ષિક ૧૨% વ્યાજ સહાય | પશુનું આકસ્મીક મૃત્યુ થતાં પશુપાલકની આજીવિકાનું સાધન છીનવાઇ જતાં નવું પશુ ખરીદ કરવા માટે સહાય | - પશુપાલકોને વધુ દૂધ ઉત્પાદન આપતા પશુઓ રાખવા પ્રોત્સાહતિ કરવા<br>- વધુ દૂધ આપતા પશુઓની જાણકારી મેળવવી. |
| યોજનાની અરજી | બેન્ક દ્વારા ધિરાણ મેળવ્યા બાદ ikhedut portal પર ઓનલાઇન અરજી કરવી | બેન્ક દ્વારા ધિરાણ મેળવ્યા બાદ ikhedut portal પર ઓનલાઇન અરજી કરવી | નજીકના પશુ દવાખાના ખાતે પશુ મરણ બાદ તાત્કાલીક સંપર્ક કરી કાર્યવાહી કરવી. | નજીકના પશુ દવાખાના/ પ્રાથમીક સારવાર કેન્દ્ર/ ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાના ઉપકેન્દ્ર પરથી |
| અમલીકરણ સંસ્થા | જે તે જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત) | જે તે જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત) | જે તે જિલ્લાના નાયબ/ મદદનીશ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત) | મદદનીશ/નાયબ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત) અને નાયબ પશુપાલન નિયામક (ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના) |
| અન્ય શરતો | ૧. લાભાર્થીને રાષ્ટ્રીયકૃત બેન્ક અથવા ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા માન્ય નાણાકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોઇ તો જ સહાયને પાત્ર રહેશે.<br>૨. આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ ૫ (પાંચ) વર્ષની મુદત સુધી નિભાવવાનુ રહેશે. આ ૫ (પાંચ) વર્ષની મુદત દરમ્યાન પશુ મૃત્યુ પામેતો લાભાર્થીએ સ્વ ખર્ચે કે વીમાની રકમમાંથી કે બેન્કમાંથી ધિરાણ મેળવીને નવુ પશુ ખરીદી મુળ પશુ એકમ યથાવત રાખી પશુ પાલન કરવાનુ રહેશે. આ અંગે સરકારશ્રી દ્વારા કોઇ વધારાની સહાય મળવા પાત્ર થશે નહી. | ૧. લાભાર્થીને રાષ્ટ્રીયકૃત બેન્ક અથવા ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા માન્ય નાણાકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોઇ તોજ સહાયને પાત્ર રહેશે.<br>૨. આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ ૫ (પાંચ) વર્ષની મુદત સુધી નિભાવવાનુ રહેશે. આ ૫ (પાંચ) વર્ષની મુદત દરમ્યાન પશુ મૃત્યુ પામેતો લાભાર્થીએ સ્વ ખર્ચે કે વીમાની રકમમાંથી કે બેન્કમાંથી ધિરાણ મેળવીને નવુ પશુ ખરીદી મુળ પશુ એકમ યથાવત રાખી પશુ પાલન કરવાનુ રહેશે. આ અંગે સરકારશ્રી દ્વારા કોઇ વધારાની સહાય મળવા પાત્ર થશે નહી. | ફુડ પોઇઝનીંગ, સ્નેક બાઇટ, કેમીકલ પોઇઝનીંગ, હડકવા, એન્થ્રેક્સ, બર્ડ ફ્લ્યુ જેવા અસાધ્ય રોગથી પશુ આકસ્મિક મૃત્યુ થયેલ હોય તો તેવા સંજોગોમાં પશુપાલકોને આ યોજનાનો લાભ મળી શકશે. | ઓલાદવાર અલગ અલગ પશુઓનુ સરકારશ્રી દ્વારા માન્ય ઓછામાં ઓછુ દૂધ ઉત્પાદન હોવુ જોઇએ. |

| યોજનાનું નામ | (૧૦) ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય અને ભેંસ) એકમની સ્થાપના માટે વ્યાજ સહાયની યોજના | (૧૧) સમગ્ર રાજ્યમાં શુદ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના પશુપાલકો માટે પ્રોત્સાહક યોજના |
|---|---|---|
| હેતુ | પશુપાલકો સરળતાથી પશુઓ ખરીદ કરી પશુપાલન વ્યવસાય અપનાવી આર્થિક રીતે પગભર થઇ શકે તે માટે પશુઓની ખરીદી પર બેન્ક લોન સામે વ્યાજની સહાય આપી તેમના સામાજીક અને આર્થિક સ્તરમાં પણ સુધારો લાવવો. | રાજ્યમાં આવેલ દેશી ઓલાદની મુળ ગીર તથા કાંકરેજ ઓલાદની ગાયોની સંખ્યાને નામશેષ થતી અટકાવી તેમાં વધારો કરી યોગ્ય જાળવણી કરવાનો છે. |
| લાયકાત | તમામ પશુપાલકો | ગુજરાત રાજ્યમાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ તમામ પશુપાલકો |
| યોજનાનો લાભ | ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ(ગાય અને ભેસ) એકમની સ્થાપના માટે બેન્ક લોન ઉપર ૫ (પાંચ) વર્ષ સુધી મહત્તમ વાર્ષિક ૧૨% વ્યાજ સહાય | રાજ્યના સ્થાનિક પશુપાલકોને તેમની પોતાની દેશી (ગાય)માં કૃત્રિમ બીજદાન દ્વારા શુદ્ધ દેશી ઓલાદની વાછરડીનાં જન્મ થયેથી રૂ. ૩૦૦૦/- રોકડ સહાય સ્વરૂપે |
| યોજનાની અરજી | બેન્ક દ્વારા ધિરાણ મેળવ્યા બાદ ikhedut portal પર ઓનલાઇન અરજી કરવી | ikhedut portal પર ઓનલાઇન નોંધણી/પશુ દવાખાનાના પશુચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો |
| અમલીકરણ સંસ્થા | જે તે જિલ્લાના નાયબ/મદદનીશ પશુપાલન નિયામક (જિલ્લા પંચાયત) | સબંધિત જિલ્લાના નાયબ પશુપાલન નિયામકશ્રી/મદદનીશ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત અમલીકરણ અધિકારી રહેશે. |
| અન્ય શરતો | ૧. લાભાર્થીને રાષ્ટ્રીયકૃત બેન્ક અથવા ભારતીય રીઝર્વ બેન્ક દ્વારા માન્ય નાણાકીય સંસ્થા મારફતે એકમ સ્થાપવા માટે લોન આપવામાં આવેલ હોઇ તો જ સહાયને પાત્ર રહેશે.<br>૨. આ યોજના હેઠળ પશુપાલકે પશુ એકમ ૫ (પાંચ) વર્ષની મુદત સુધી નિભાવવાનુ રહેશે. આ ૫ (પાંચ) વર્ષની મુદત દરમ્યાન પશુ મૃત્યુ પામેતો લાભાર્થીએ સ્વ ખર્ચે કે વીમાની રકમમાંથી કે બેન્કમાંથી ધિરાણ મેળવીને નવુ પશુ ખરીદી મુળ પશુ એકમ યથાવત રાખી પશુ પાલન કરવાનુ રહેશે. આ અંગે સરકારશ્રી દ્વારા કોઇ વધારાની સહાય મળવા પાત્ર થશે નહી. | ૧. શુદ્ધ સંવર્ધન દ્વારા કૃત્રિમ બીજદાનથી વાછરડી જન્મેલ હોય તો પશુપાલકે ikhedut portal પર ઓનલાઇન અરજી કરવાની રહેશે.<br>૨. કૃત્રિમ બીજદાન કર્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. પ્રમાણપત્રમાં કૃત્રિમ બીજદાન માટે વપરાયેલ ડોઝની વિગતો પણ જણાવવી પડશે.<br>૩. લાભાર્થી પશુપાલકે અરજી પત્રક મંજૂરી અર્થે સંબંધિત કચેરી (તાલુકા પશુદવાખાના)એ રજુ કરશે. અરજી મળ્યેથી કચેરી સંબંધિત સંલગ્ન ‘તાલુકા પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારી’ પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયક કરેલ સમયમર્યાદામાં (એક વર્ષ માટે પ્રતિ પશુપાલકે એક વખત) સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો મેળવી લેવાનું રહેશે.<br>૪. પશુપાલક દીઠ એક વાછરડી માટે પ્રતિ વર્ષ એક વખત સહાય મળવા પાત્ર રહેશે.<br>૫. અરજી પત્રક સાથે રજુ કરવાના દાખલા-પ્રમાણપત્રો<br>અ. બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક<br>બ. બારકોડેડ રેશનકાર્ડ<br>ક. કૃત્રિમ બીજદાન કરનાર સંસ્થાનું ‘પત્રક’ મુજબનું પ્રમાણપત્ર<br>ડ. આધારકાર્ડની નકલ |

| યોજનાનું નામ | (૧૨) બકરાં એકમ ૧૦+૧ ની સ્થાપના માટે સહાય | (૧૩) પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ માટે સહાય | (૧૪) મિલ્કીંગ મશીન માટે સહાય |
|---|---|---|---|
| હેતુ | અનુસુચિત જાતિના લાભાર્થીઓ, અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓ તથા જનરલ કેટેગરીના લાભાર્થીઓનું બકરાંપાલન વ્યવસાય દ્વારા જીવનધોરણ ઉચુ લાવવું. | પશુપાલકોના ગાભણ પશુઓની તંદુરસ્તી જળવાઇ રહે તેમજ ગર્ભમાં રહેલ બચ્ચાંનો યોગ્ય વિકાસ થાય અને સ્વાસ્થ્ય ક્ષમતા મુજબ દૂધ ઉત્પાદન મેળવી શકાય તેમજ ઉત્પાદન શક્તિ જળવાઇ રહે. | ઓછા સમયગાળામાં વધુ પશુઓની દોહન પ્રક્રિયા ઝડપી પૂર્ણ થતાં મહિલા પશુપાલકોના સમય બચાવ થાય છે. |
| લાયકાત | યોજનાના ઢાંચા મુજબ અનુસુચિત જાતિના લાભાર્થીઓ, અનુસુચિત જનજાતિની મહિલા લાભાર્થીઓ (વિધવા/ત્યકતા/શારિરીક અપંગ લાભાર્થીઓને પ્રાધાન્ય.), જનરલ કેટેગરીના લાભાર્થીઓ | તમામ પશુપાલકો | તમામ પશુપાલકો |

| | | | |
|---|---|---|---|
| યોજનાનો લાભ | એકમ કિંમતના ૫૦% સહાય અથવા મહત્તમ રૂ. ૩૦૦૦૦/- | ખરીદ કિંમતના ૭૫% સહાય અથવા મહત્તમ રૂ. ૩૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે | ખરીદ કિંમતના ૭૫% સહાય અથવા મહત્તમ રૂ. ૩૩,૭૫૦/-, બે માંથી જે ઓછું હોય તે |
| યોજનાની અરજી પદ્ધતિ | ikhedut portal પર ઓનલાઇન અરજી | ikhedut portal પર ઓનલાઇન અરજી | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| અમલીકરણ સંસ્થા | નાયબ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત | નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ટ પશુ સુધારણા યોજનાની કચેરી | જિલ્લા પશુપાલન અધિકારી |
| અન્ય શરતો | ૧. જાતિનો દાખલો - સક્ષમ અધિકારી દ્વારા<br>૨. બકરાં બાંધવાની જગ્યા, ખોરાક, પાણી અને ખાણદાણની વ્યવસ્થા લાભાર્થીએ કરવાની રહેશે.<br>૩. અનુ. જનજાતિની લાભાર્થી મહિલા જો વિધવા/ત્યકતા/ શારિરીક અપંગતા ધરાવતી હોય તો તે અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર | (૧) લાભાર્થી દીઠ પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે. | (૧) દૂધ ઉત્પાદક સહકારી મંડળી/સરપંચનો ૦૫ કે તેથી વધુ દૂધાળા પશુ રાખતા હોય તેવો દાખલો અને ભલામણ પત્ર |

| યોજનાનું નામ | **(૧૫) બલ્ક મિલ્ક કુલર માટે સહાય** | **(૧૬) ઓટોમેટિક મિલ્ક કલેક્શન સિસ્ટમ માટે સહાય** |
|---|---|---|
| હેતુ | જ્યાં દૂધનો પુરવઠો વધુ હોય તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી જિલ્લા ડેરી મથકથી વધુ અંતરે હોય તેવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ પર વિવિધ ક્ષમતા ધરાવતા બલ્ક મીલ્ક કુલરની સ્થાપના કરી દૂધ ટ્રાન્સપોર્ટેશન દરમિયાન ખરાબ કે ખાટુ થઈ જવાની મુશ્કેલીનું નિવારણ કરી પશુપાલકોને થતું આર્થિક નુકશાન નિવારવું. | દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સભાસદો દ્વારા દૂધ ભરવામાં આવે ત્યારે દૂધનાં વજન, ફેટના ટકા અને દૂધના કિંમત ગણતરીમાં સભાસદોના વિશ્વાસ જાળવવા અને ગણતરીમાં માનવીય ત્રુટી ન રહે તે આ યોજનાનો મુખ્ય હેતુ છે. |
| લાયકાત | રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી | રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી |
| યોજનાનો લાભ | એકમ કિંમતના ૮૦% સહાય (બલ્ક મિલ્ક કૂલરની વિવિધ ક્ષમતાઓ મુજબ) | એકમ કિંમતના ૮૦% સહાય અથવા મહત્તમ રૂ. ૮૦,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે |
| યોજનાની અરજી પદ્ધતિ | ikhedut portal પર ઓનલાઇન અરજી | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| અમલીકરણ સંસ્થા | જિલ્લા પશુપાલન અધિકારી | જિલ્લા પશુપાલન અધિકારી |
| અન્ય શરતો | (૧) સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો<br>(૨) એમ્પેનલમેન્ટ દ્વારા માન્ય થયેલ ઉત્પાદક/વિક્રેતાઓ પાસેથી ઘટકની ખરીદી કરવાની રહેશે | (૧) સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેકટરશ્રી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો<br>(૨) એમ્પેનલમેન્ટ દ્વારા માન્ય થયેલ ઉત્પાદક/વિક્રેતાઓ પાસેથી ઘટકની ખરીદી કરવાની રહેશે |

| યોજનાનું નામ | **(૧૭) દૂધ ઘર/ગોડાઉન બાંધકામ માટે સહાય** | **(૧૮) દૂધ ભેળસેળ ચકાસણી માટેના મશીનની સ્થાપના માટે સહાય** |
|---|---|---|
| હેતુ | દૂધ મંડળી ખાતે આધુનિક ઢબે દૂધ સંપાદન થાય અને તે માટેના સાધનો મશીનરી વિગેરે સ્થાપિત કરી શકાય તેમજ પશુઓ માટેનો આહાર સંગ્રહી શકાય તથા સવાર સાંજ દૂધ સંપાદન માટેનો પુરતો અવકાશ રહે તેવું આદર્શ દૂધઘર/ગોડાઉન ઉભું કરવું | દૂધ મંડળી ખાતે એકત્રિત થતા દૂધની ગુણવત્તા તેમજ તેમાં થતાં ભેળસેળની ચકાસણી કરી દૂધમાં થતી ભેળસેળ અટકાવવી અને ગુણવત્તાસભર દૂધ પુરૂ પાડવું. |
| લાયકાત | રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી | રાજ્યની તમામ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી |

| | | |
|---|---|---|
| યોજનાનો લાભ | એકમ કિંમતના ૫૦% સહાય અથવા મહત્તમ રૂ. ૫,૦૦,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે | રાજ્યની સામાન્ય વિસ્તારની ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી માટે એકમ કિમતના ૫૦% અથવા મહત્તમ રૂ. ૧,૦૦,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે.<br>રાજ્યની અ.જા./અ.જન જાતિ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળી માટે એકમ કિંમતના ૭૫% અથવા રૂ. ૧,૨૫,૦૦૦/-, બે માંથી જે ઓછું હોય તે. |
| યોજનાની અરજી પદ્ધતિ | ikhedut portal પર ઓનલાઇન અરજી | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| અમલીકરણ સંસ્થા | જિલ્લા પશુપાલન અધિકારી | જિલ્લા પશુપાલન અધિકારી |
| અન્ય શરતો | (૧) સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો<br>(૨) દૂધઘર/ગોડાઉન માટે જરૂરી જમીનનો આધાર | (૧) સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજીંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુ વાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો |

| યોજનાનું નામ | (૧૯) ૨૫ આર.આઇ.આર પક્ષી એકમ સહાય | (૨૦) ૧૦૦ બ્રોઈલર પક્ષી ફાર્મની સ્થાપના માટે સહાય | (૨૧) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ |
|---|---|---|---|
| હેતુ | અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પુરક રોજગારી પુરી પાડવી | અનુસૂચિત જાતિના લોકોને પુરક રોજગારી પુરી પાડવી | વૈજ્ઞાનિક પદ્ધતિથી મરઘાં પાલન તાલીમ આપી સ્વરોજગારની આવકમાં વધારો કરવો |
| લાયકાત | અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને | અનુસૂચિત જાતિના લોકોને. | અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને |
| યોજનાનો લાભ | ૭૫% સહાયથી ૨૫ આર.આઇ.આર પક્ષી યુનિટ | ૭૫% સહાયથી ૧૦૦ બ્રોઇલર પક્ષી યુનિટ | નાણાં સ્વરૂપે (મહત્તમ રૂ. ૨૦૦૦/-) |
| યોજનાની અરજી પદ્ધતિ | ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર ખાતે અરજી કરવી | ikhedut portal પર ઓનલાઇન અરજી | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| અમલીકરણ સંસ્થા | ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર | ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર | ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક, જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર |
| અન્ય શરતો | એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુન:લાભ આપી શકાશે. લાભાર્થીએ જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે. લાભાર્થીએ મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ. આ યોજના હેઠળ લાભાર્થીને ૬ થી ૮ અઠવાડીયા ઉછેરેલ ૨૫ આર.આઇ.આર. ના સુધારેલ જાતના પક્ષી તથા ખોરાક આપવાના રહેશે. જ્યારે રાત્રી રક્ષણ માટે ખુડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે. ૨૫ આર.આઇ.આર. પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે. | એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુન:લાભ આપી શકાશે. લાભાર્થીએ જાતિ અંગેના પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાના રહેશે. લાભાર્થીએ મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ. અરજદારે ફાર્મ બાંધવા માટે જરૂરી પોતાની જમીન અથવા ભાડા પટ્ટેથી ૨ વર્ષ ઉપર જમીન સંપાદિત કર્યા અંગેનો દાખલો અરજી સાથે રજુ કરવાનો રહેશે. લાભાર્થીએ ૧૦૦ ચોરસ ફૂટનું ક્ષેત્રફળ ધરાવતો શેડ ઘટકના અધિકારીની સુચના મુજબ તૈયાર કરવાનો રહેશે. લાભાર્થીએ ૧૦૦ લો ઈનપુટ કક્ષાના બ્રોઇલર પક્ષીના બચ્ચાં, જરૂરી મરઘાં આહાર, ખોરાક તથા પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે. લાભાર્થીને કુલ ખર્ચના ૭૫% સહાય અથવા મહત્તમ રૂ. ૨૭,૦૦૦/-ની સહાય આપવાની રહેશે. આ એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે. | (૧) એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે.<br>(૨) લાભાર્થીએ જાતિના પુરાવા, ગરીબી રેખા હેઠળનું ગ્રામીણ ગરીબનું - શહેરી ગરીબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાના રહેશે.<br>(૩) આ યોજનામાં ગરીબી રેખા હેઠળના ઇસમો તથા મહિલાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.<br>(૪) મરઘાં પાલન તાલીમ લેનાર તાલીમાર્થીને દૈનિક રૂ.૩૦૦/- પ્રમાણે ૬ દિવસના રૂ.૧૮૦૦/- સ્ટાઈપેન્ડ તથા તાલીમમાં આવવા જવાનું ભાડુ વધુમાં વધુ રૂ.૨૦૦/- મળી મહત્તમ કુલ રૂ. ૨૦૦૦/- ચુકવવાના રહેશે. |

| યોજનાનું નામ | (૨૨) રાજ્યમાં શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ યોજના |
|---|---|
| હેતુ | રાજ્યમાં પશુપાલન ક્ષેત્રે પશુપોષણ, પશુ સંવર્ધન, પશુ રહેઠાણ, પશુ આરોગ્ય જેવા પશુપાલનના મહત્વના પાસાઓને આવરી લઇ આધુનિક સંશોધનોનો ઉપયોગ કરીને પશુપાલન વ્યવસાયને આદર્શ અને નફાકારક બનાવનાર પશુપાલકોને પ્રોત્સાહન આપવું અને તેમાંથી પ્રેરણા મેળવી અન્ય પશુપાલકો પણ આ રીતે પશુપાલન વ્યવસાય કરવા પ્રેરાય તેવો છે. |
| લાયકાત | રાજ્યના વ્યક્તિગત પશુપાલકો દ્વારા પશુપાલન ક્ષેત્રમાં કરવામાં આવેલ નોંધપાત્ર કામગીરી સંદર્ભે પશુપાલક દરખાસ્ત કરી શકે છે. |
| યોજનાનો લાભ | આ યોજના હેઠળ રાજ્ય કક્ષાના ત્રણ, દરેક જિલ્લા કક્ષાના બે અને દરેક તાલુકા કક્ષાના બે એમ રાજ્યના કુલ ૫૬૫ શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડ આપવામાં આવે છે. |
| યોજનાની અરજી પદ્ધતિ | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| યોજનાના અમલીકરણ ની પદ્ધતિ | કરેલ ઓનલાઈન અરજીના જરૂરી દસ્તાવેજી કાગળો, ફાર્મના ફોટા અને વિડીયો ક્લીપ સમયમર્યાદામાં નિયત કરેલી કચેરીએ પહોંચાડવાની રહે છે. ત્યારબાદ નિયત કરવામાં આવેલ વિવિધ કમિટીઓ દ્વારા સ્ક્રુટીની તથા વિજેતા પસંદગીની કામગીરી કરવામાં આવે છે. |
| અમલીકરણ સંસ્થા | સંબંધિત જિલ્લાના ઘનિષ્ઠ પશુ સુધારણા એકમ દ્વારા સંબંધિત વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકના નિયંત્રણ હેઠળ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે. |

| યોજનાનું નામ | (૨૩) પોલ્ટ્રી કમ ફીશ યુનિટના એકમની સ્થાપના પર સહાય (ફક્ત ડાંગ જિલ્લા માટે) | (૨૪) મરઘાં પાલન તાલીમ સ્ટાઈપેન્ડ |
|---|---|---|
| હેતુ | ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિ વર્ગના લોકોને પુરક રોજગારી પુરી પાડવી | વૈજ્ઞાનિક પદ્ધતિથી મરઘાં પાલન તાલીમ આપી સ્વરોજગારની આવકમાં વધારો કરવો |
| લાયકાત | ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિનાં પુખ્ત ઈસમો | ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિનાં પુખ્ત ઈસમો |
| યોજનાનો લાભ | ૧૦૦% સહાયથી ૫૦ આર.આઇ.આર. પક્ષીના યુનિટની સ્થાપના પર સહાય (રૂ. ૯,૦૦૦/- પક્ષી તથા ખોરાક સ્વરૂપે તથા મહત્તમ રૂ. ૧૫,૦૦૦/- પાંજરૂ તથા ખોરાક પાણીના વાસણો પેટે રજુ કરેલ બીલ આધારે) | નાણાં સ્વરૂપે (મહત્તમ રૂ. ૨,૦૦૦/-) |
| યોજનાની અરજી પદ્ધતિ | જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર - ડાંગ ખાતે અરજી કરવી | ikhedut portal પર ઓનલાઇન અરજી |
| અમલીકરણ સંસ્થા | જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર - ડાંગ | જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્ર - ડાંગ |
| અન્ય શરતો | યોજનાનો લાભ ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિ વર્ગના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે. ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુન:લાભ આપી શકાશે. લાભાર્થીએ જાતિ અંગેનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે. લાભાર્થીએ મરઘાં પાલનની તાલીમ મેળવેલ હોવી જોઇએ. આ યોજનાનો લાભ લેવા ઇચ્છુક લાભાર્થી ફીશ પોન્ડ ધરાવતો હોવો જોઇએ અથવા સરકારશ્રીની અન્ય કોઇ યોજનાનો લાભ લઇ ફીશ પોન્ડ બનાવેલ હોવું જોઇએ તથા મત્સ્ય બીજ મત્સ્ય વિભાગ દ્વારા મેળવવાનું રહેશે. લાભાર્થીએ ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. લાભાર્થીઓની લીધેલી અરજીઓની જરુરી ચકાસણી કરી ઘટક કક્ષાએ મંજુર કરીને નાણાંકિય મંજુરી વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકશ્રી દ્વારા મેળવવાની રહેશે. આ યોજના હેઠળ લાભાર્થીને ૬ થી ૮ અઠવાડિયાના ઉછરેલ ૫૦ આર.આઇ.આરના સુધારેલ જાતના પક્ષી તથા ખોરાક આપવાનો રહેશે જ્યારે પાંજરૂ તથા ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે. જેની ખરીદી પર મહત્તમ રૂ. ૧૫,૦૦૦/-ની મર્યાદામાં સહાય આપવામાં આવશે. ૫૦ આર.આઇ.આર પક્ષીનું એકમ સામાન્ય સંજોગોમાં ૩ વર્ષ માટે નિભાવવાનું રહેશે. યોજના અંગેના અમલીકરણ અંગેની સંપુર્ણ સત્તા પશુપાલન નિયામકશ્રીની રહેશે અને યોજનાના અમલીકરણમાં જરૂર જણાયે શરતો અને બોલીઓમાં સુધારોવધારો કરી શકશે અને લાભાર્થીઓને તે બંધનકર્તા રહેશે. | (૧) આ યોજનાનો લાભ ડાંગ જિલ્લામાં અનુસૂચિત જનજાતિ વર્ગના પુખ્ત ઈસમોને જ આપવાનો રહેશે તથા એક કુટુંબના એક સભ્યને લાભ આપી શકાશે.<br>(૨) લાભાર્થીએ જાતિના પુરાવા અરજી સાથે રજુ કરવાના રહેશે.<br>(૩) મરઘાં પાલન તાલીમ લેનાર તાલીમાર્થીને દૈનિક રૂ. ૩૦૦/- પ્રમાણે ૬ દિવસના રૂ. ૧૮૦૦/- સ્ટાઈપેન્ડ તથા તાલીમમાં આવવા જવાનું ભાડુ વધુમાં વધુ રૂ. ૨૦૦/- મળી મહત્તમ કુલ રૂ. ૨૦૦૦/- ચુકવવાના રહેશે.<br>(૪) મરઘાં પાલન તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમાર્થીએ ફોટાસહીતનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. |

| | |
|---|---|
| યોજનાનું નામ | (૨૫) સ્વરોજગારીના હેતુ પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના |
| હેતુ | ગ્રામ્ય કક્ષાએ પશુપાલન વ્યવસાયને આગવું મહત્વ આપી, પશુપાલનને ગ્રામ્ય રોજગારીનો આધારસ્તંભ બનાવી વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે નાણાંકીય પ્રોત્સાહન થકી પશુપાલન વ્યવસાયને ગ્રામ્ય કક્ષાએ વધુ વેગ આપવો |
| લાયકાત | તમામ પશુપાલકો |
| યોજનાનો લાભ | • ૧૨ દૂધાળા પશુઓની ખરીદી માટે મેળવેલ બેંક ધિરાણ પર ૫ (પાંચ) વર્ષ સુધી સામાન્ય કેટેગરીના લાભાર્થીઓને ૭.૫% વ્યાજ સહાય તથા મહિલા, અનુ.જાતિ અને અનુ.જનજાતિના લાભાર્થીઓને ૮.૫% વ્યાજ સહાય, ગીર/કાંકરેજ માટે મહત્તમ ૧૨% વ્યાજ સહાય<br>• કેટલશેડના બાંધકામ પર ૫૦% મહત્તમ રૂ. ૧.૫૦ લાખ સહાય, ગીર/કાંકરેજ માટે ૭૫% મહત્તમ રૂ. ૨.૨૫ લાખ સહાય<br>• પશુઓના સળંગ ત્રણ વર્ષના વિમાના પ્રિમિયમ પર ૭૫% મહત્તમ રૂ. ૪૩,૨૦૦/- ની સહાય, ગીર/કાંકરેજ પર ૯૦% મહત્તમ રૂ. ૫૧,૮૪૦/- સહાય<br>• ઈલેક્ટ્રિક ચાફકટર, ફોગર સીસ્ટમ અને મિલ્કીંગ મશીન પર યુનિટ કોસ્ટના ૭૫% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૧૫,૦૦૦/-, રૂ. ૭,૫૦૦/-, અને રૂ. ૩૩,૭૫૦/- સહાય; ગીર/કાંકરેજ માટે યુનિટ કોસ્ટના ૯૦% લેખે અનુક્રમે મહત્તમ રૂ. ૧૮,૦૦૦/-, રૂ. ૯,૦૦૦/- અને રૂ. ૪૦,૫૦૦/- સહાય; |
| યોજનાની અરજી | રિઝર્વ બેંક માન્ય ધિરાણ સંસ્થા/બેંક પાસેથી ૧૨ દૂધાળા પશુઓની ખરીદી માટે ધિરાણ મંજુર કરાવ્યા બાદ ikhedut portal પર અરજી કરવી |
| અમલીકરણ સંસ્થા | ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. આણંદ/નાયબ પશુપાલન નિયામકની કચેરી, જિલ્લા પંચાયત |
| અન્ય શરતો | • પશુખરીદી માટે રિઝર્વ બેંક માન્ય ધિરાણ સંસ્થા પાસેથી ધિરાણ મેળવેલ હોવું જોઇએ<br>• પોતાની માલિકીની, ભોગવટાની, લીઝ ઉપર જમીન મેળવેલ હોવી જોઇએ.<br>• નિયત થયેલ શરતો મુજબનું બાંધકામ તથા સાધનોની ખરીદી થયેલ હોવી જોઇએ તથા તમામ શરતોનું પાલન થતું હોવું જોઇએ. |

**વ્યક્તિગત સહાયલક્ષી યોજનાઓ માટે ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.**

**Web address : www.ikhedut.gujarat.gov.in**

**વધુ માહિતી તથા માર્ગદર્શન માટે જિલ્લાની કોઈપણ પશુપાલન કચેરીનો સંપર્ક કરવો**

Y-34 - 1 Lakh-5-2018

પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ